# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
# પાટણ

પરીપત્ર ક્રમાંક /૯૪/૨૦૧૫

વિષય : સ્વવિત ધોરણે ચાલતી વિજ્ઞાન પ્રવાહની કોલેજને પ્રાયોગિક પરીક્ષાનાં ખર્ચની રકમ ચૂકવવા અંગે.

આ યુનિવર્સિટી સંલગ્ન સ્વવિત ધોરણે ચાલતી વિજ્ઞાન પ્રવાહની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે કારોબારી સમિતિની તાઃ૨/૫/૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક ૭ અન્વયે સ્વવિત ધોરણે ચાલતી વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રાયોગિક પરીક્ષાનાં ખર્ચ પેટે પરીક્ષા ફી ની આવકનાં ૮૦ % પ્રમાણે પ્રાયોગિક પરીક્ષા ખર્ચ સ્વવિત વિજ્ઞાનની કોલેજોને ચૂકવવામાં આવશે.

વધુમાં ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલતાં સ્વવિત વિજ્ઞાન પ્રવાહના વધારાના વર્ગોને પણ ઉપર મુજબ પ્રાયોગિક ખર્ચ ની રકમની ચૂકવણી કરવામાં આવશે. સ્વવિત ધોરણે ચાલતી વિજ્ઞાન પ્રવાહની કોલેજો અને ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલતાં સ્વવિત વર્ગોનાં વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા ફી ઓકટો–નવે.૨૦૧૫ થી રૂા.૪૦૦ /– લેખે પ્રતિ વિદ્યાર્થીદીઠ પરીક્ષાના આવેદનપત્રો સાથે જમા કરાવવાની રહેશે.ગ્રાન્ટેડ કોલેજોનાં વધારાના સ્વવિત જોડાણના વર્ગોની વિદ્યાર્થી સંખ્યાની યાદી તેમજ ગ્રાન્ટેડ જોડાણના વિદ્યાર્થીઓની યાદી પરીક્ષા ફોર્મ સાથે અલગ–અલગ કરી ચલણથી અલગ–અલગ ફી જમા કરાવવાની રહેશે.

જાવક નં/પરી/હિ/૭૦૭૪/૨૦૧૫
હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ
તારીખ : ૨૮/૫/૨૦૧૫

(ડૉ.ગિરિશ જે.ઠકકર)
પરીક્ષા નિયામકશ્રી

<u>નકલ સવિનય જાણ સારૂ રવાના :</u>

૧. યુનિ.સંલગ્ન તમામ વિજ્ઞાન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ સારૂ.
૨. કુલપતિશ્રી/ ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રી , હેમ.ઉ.ગુ.યુનિ. પાટણ તરફ જાણ સારૂ
૩. પરીક્ષા નિયામકશ્રી , ગુજરાત યુનિવર્સિટી . અમદાવાદ
૪. યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ
૫. કાર્યાલય નોટિસ બોર્ડ / પરીક્ષા વિભાગ નોટિસ બોર્ડ
૬. હેડ કલાર્ક –ખાનગી શાખા / જનરલ શાખા / સેલ શાખા (પરીક્ષા)/ સંચાલન શાખા
૭. કુલપતિશ્રીના અંગતસચિવશ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ તરફ
૮. સિસ્ટમ એનાલિસ્ટશ્રી, રીઝલ્ટ સેન્ટરતરફ તેમજ EMAILદરેક કોલેજોને મોકલવા કાર્યવાહી સારું
૯. પરીક્ષા હિસાબની ફાઈલે

K:\paripatra sci.doc